# બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના આઈસીટીના ઉપયોગ અંગેના અભિપ્રાયોનો અભ્યાસ

ડૉ. નયનાબેન બી. ચૌહાણ
આસિસ્ટન્ટ પ્રોફેસર,
ભગવાન મહાવીર યુનિવર્સિટી સંલગ્ન
શિક્ષણભારતી કૉલેજ ઓફ એજ્યુકેશન, વેસુ, સુરત

**સારાંશ**

*ICT શબ્દ એ ખૂબજ વ્યાપક શબ્દ છે. જેમાં માહિતી તકનીક અને સંદેશા વ્યવહાર તકનીકનો સમાવેશ થાયછે. ICT દ્વારા ડિજિટલ રીતે અપડેટ રહી શકાય છે. ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી વિશ્વમાં અને સમાજમાં આવતા પરિવર્તનોને આકાર આપવાનું કાર્ય કરે છે. પ્રસ્તુત સંશોધનનો હેતુ બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના ICTના ઉપયોગ અંગેના અભિપ્રાયો જાણવા માટે કરવામાં આવ્યો હતો. આ સંશોધનમાં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓનો આકસ્મિક નમૂના પસંદગી દ્વારા નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં અભિપ્રાયાવલિની રચના કરવામાં આવી હતી. નમૂનામાં સમાવિષ્ટ પ્રશિક્ષણાર્થીઓ પાસેથી માહિતી એકત્રીત કર્યા બાદ કાઈવર્ગના સૂત્રનો ઉપયોગ કરી તારણો મેળવવામાં આવ્યા હતા.*

## ૧. પ્રસ્તાવના

આદિમાનવથી લઈને આજનો મનુષ્ય સતત પ્રગતિના પંથે આગળ વધતો જાય છે. આજનો માનવ પૃથ્વીના પેટાળથી આકાશમાં ચંદ્ર સુધી પોતાની પ્રતિભા ફેલાવી છે. મનુષ્ય પોતાના જીવનને સગવડભર્યું બનાવવા અવનવી શોધો કરતો રહ્યો છે. મનુષ્ય એક ખૂબ જ બુદ્ધિશાળી જીવ છે. જે પોતાના શબ્દો વડે બીજા મનુષ્યને ગુલામ બનાવી શકે છે. મનુષ્યને બીજા પ્રાણીઓથી અલગ તારવવામાં ભાષાનું મહત્ત્વ અનેરું છે. ભાષા વડે જ માનવી પોતાના વિચાર, જ્ઞાન, લાગણી, જરૂરિયાત વગેરે બીજા સમક્ષ રજૂ કરે છે. ભાષા વડે જ તે એકબીજા સાથે પ્રત્યાયન સાંધે છે. પ્રત્યાયન એટલે માહિતીને એકસ્થળેથી બીજા સ્થળે પહોંચાડવાની ક્રિયા પ્રત્યાયન લેખિત સ્વરૂપે કે અન્ય અશાબ્દિક સ્વરૂપે થઈ શકે છે. પ્રાચીન યુગમાં લેખિત સ્વરૂપે પ્રયાપ્ત થતું હતું. પરંતુ આજના આધુનિક યુગમાં પ્રત્યાયન માટે વિવિધ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. આજનો શિક્ષક પણ નવીન પદ્ધતિથી અધ્યાપન કાર્ય કરાવવા સક્ષમ બન્યો છે. આજનું શિક્ષણ વિદ્યાર્થી કેન્દ્રી છે. તેથી વિદ્યાર્થીને અભ્યાસ પ્રત્યે રસ જગાડવા નવી-નવી ટેક્નોલોજીનો ઉપયોગ જેમાં વિડિયો ક્લિપ, ઓડિયો ક્લિપ, મૂવી ઘણી બધી શિક્ષણને લગતી એપ આજે આપણે ઇન્ટરનેટ દ્વારા મેળવી શકીએ છીએ. તેમજ સ્વનિર્માણ કરી શકીએ છીએ અને એના માધ્યમથી આજનું શિક્ષણ સમૃદ્ધ બન્યું છે. આવી ટેક્નોલોજી માનવ જીવન પર ઊંડી અસર કરે છે.

આપણા રોજિંદા જીવનમાં આપણે વારંવાર ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, નોલેજ વર્કસ એવા શબ્દો સાંભળીએ છીએ. આ શબ્દો ICTના વિવિધ પાસા સાથે સંકળાયેલા છે. ઈન્ફોર્મેશન ટેક્નોલોજીએ આજે ધસમસતા આવીને આપણા રોજબરોજના વ્યવહારમાં પોતાનું આગવું અને વિશિષ્ટ સ્થાન બનાવી દીધું છે.

**૨. સમસ્યાકથન**

પ્રસ્તુત સંશોધનનું શીર્ષક નીચે મુજબનું હતું.

**બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના ICTના ઉપયોગ અંગેના અભિપ્રાયોનો અભ્યાસ**

**૩. સંશોધનનો હેતુ**

૧. બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના ICTના ઉપયોગ અંગેના અભિપ્રાયો જાણવા

**૪. સંશોધનનો પ્રશ્ન**

પ્રસ્તુત સંશોધનનો પ્રશ્ન નીચે મુજબ હતો.

૧. બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના ICTના ઉપયોગ અંગેના અભિપ્રાયો કેવા હશે?

**૫. સંશોધનનું મહત્ત્વ**

પ્રસ્તુત સંશોધનનું મહત્ત્વ નીચે પ્રમાણે છે.

૧. પ્રશિક્ષણાર્થીઓની ક્ષમતાઓના વિકાસ કરવા માટે આ સંશોધન મહત્ત્વનું છે.
૨. કથનની મર્યાદાને દૂર કરી શકાય છે.
૩. અલ્પ સમયમાં વધુ અને ઝડપથી કાર્ય શક્ય બને છે.
૪. પ્રશિક્ષણાર્થીઓ પોતાનો સ્વ વિકાસ કરવા માટે ICTનો ઉપયોગ કરી શકે છે.
૫. શિક્ષણ પ્રક્રિયાને સરળ, સુબોધ અને સુગમ બનાવી શકાશે.
૬. ICTના ઉપયોગથી થતા ફાયદાઓને જાણવા આ સંશોધન મહત્ત્વનું બની શકશે.

**૬. સંશોધનનું સીમાંકન**

પ્રસ્તુત સંશોધન સુરત શહેરની ભગવાન મહાવીર યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણભારતી કૉલેજ ઓફ એજ્યુકેશન પુરતું જ સીમીત હતું.

**૭. વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

***૭.૧ વ્યાપવિશ્વ***

પ્રસ્તુત સંશોધનના વ્યાપ વિશ્વમાં શિક્ષણ ભારતી કૉલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ્. કૉલેજ)ના પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ હતો.

***૭.૨ નમૂના પસંદગી***

પ્રસ્તુત સંશોધનમાં આકસ્મિક નમૂના પસંદગી મુજબ શિક્ષણ ભારતી કૉલેજ ઓફ એજ્યુકેશનના ૧૦૦ પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૮. સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં ICTના ઉપયોગ અંગે અભિપ્રાયો લેવાના હોવાથી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**૯. ઉપકરણની રચના**

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે ત્રિ-બિંદુ આધારિત સ્વરચિત અભિપ્રાયાવલિની રચના કરવામાં આવી હતી.

### ૧૦. માહિતી એકત્રીકરણની રીત

પ્રસ્તુત સંશોધનની માહિતી એકત્રીકરણ માટે સૌપ્રથમ કૉલેજના આચાર્યશ્રીની મંજૂરી લઈ એમણે આપેલ સમય મુજબ કૉલેજમાંથી પ્રશિક્ષણાર્થીઓ પાસે અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા.

### ૧૧. માહિતી પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં અભિપ્રાયાવલિની રચના કરવામાં આવી હતી. જેનું કાઈવર્ગના સૂત્રનો ઉપયોગ કરી માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

### ૧૨. તારણો

પ્રસ્તુત સંશોધનના તારણો નીચે મુજબ છે.

૧. ICT દ્વારા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણ સામગ્રી વધુ સારી રીતે રજૂ કરી શકાય છે.

૨. ICTનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓ અભ્યાસ પ્રત્યે રસ ધરાવે છે.

૩. ICTના ઉપયોગથી શિક્ષણ સરળ બનાવી શકાય છે.

૪. ICTનો ઉપયોગ દ્વારા શિક્ષણ ખર્ચાળ બને છે.

૫. ICTના ઉપયોગથી શિક્ષણકાર્ય દ્વિધ્રુવી બની શકતું નથી.

૬. પ્રશિક્ષણાર્થીઓ ICTનો ઉપયોગ પોતાના અધ્યાપન કાર્ય માટે કરે છે.

૭. પ્રશિક્ષણાર્થીઓ ICTનો ઉપયોગમાં વિવિધ એપનો ઉપયોગ કરે છે.

૮. ICTના ઉપયોગ માટે તેઓ મહત્તમ મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે.

૯. ICTમાં તેઓ ઈ-મેલ સેવાનો ઉપયોગ કરે છે.

૧૦. પ્રશિક્ષણાર્થીઓ માને છે કે શિક્ષણમાં ICTનો ઉપયોગ થવો જ જોઈએ તેમજ તેઓ માને છે કે, ICT શિક્ષણના ભવિષ્યના પડકારોનો સામનો કરી શકશે.

### ૧૩. શૈક્ષણિક ફલિતાર્થો

૧. નવીન વિષયવસ્તુ માટે ICTનો ઉપયોગ વ્યાખ્યાન પદ્ધતિ કરતા વધુ મદદરૂપ બની રહે છે.

૨. ICTના ઉપયોગથી શિક્ષણ કાર્યની અસરકારકતા વધારી શકાય છે.

### ૧૪. ઉપસંહાર

પ્રસ્તુત અભ્યાસ ભગવાન મહાવીર યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણ ભારતી કૉલેજ ઓફ એજ્યુકેશનના પ્રશિક્ષણાર્થીઓનો કરવામાં આવ્યા હતો. પ્રસ્તુત અભ્યાસ કરતા જાણવા મળ્યું કે પ્રશિક્ષણાર્થીઓ ICTનો ઉપયોગ કરે છે. તેમજ ICTના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓને પણ અવગત કરે છે. અહીં જાણી શકાય છે કે, વર્તમાન સમયના પ્રશિક્ષણાર્થીઓ આધુનિકતા સાથે કદમ મીલાવતા રહે છે.

### સંદર્ભૂ સૂચિ

૧. શાહ, ડી. બી.. શિક્ષણમાં કમ્પ્યૂટર. અમદાવાદ : (તૃતીય આવૃત્તિ) નીરવ પ્રકાશન

૨. શાહ, ડી. બી. (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન. અમદાવાદ : પ્રમુખ પ્રકાશન

૩. પટેલ, એસ. અને પટેલ આર. એસ. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ઈન એજ્યુકેશન. અમદાવાદ : નીરવ પ્રકાશન